**(પરિપત્રનો અભ્યાસ કર્યા બાદ જ ધોરણ-10નું પરિણામ વિતરણ કરવું)**

પરિપત્ર

**SSC**

પત્રક્રમાંક:-મઉમશબ/SSC/પરિણામ/માર્ચ-2024/45

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, સેક્ટર-10/બી,
જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.

તા.30/05/2024

(1) પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ).

(2) પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય (તમામ).

**વિષય :-** માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2024ના ઉમેદવારોના પરિણામ વિતરણની કાર્યવાહી બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2024ના ઉમેદવારોના પરીક્ષાના પરિણામના ગુણપત્રક / પ્રમાણપત્ર અને S.R. શાળા વાઈઝ પેકેટ તૈયાર કરી તાલુકા વાઈઝ પેકિંગના થેલા તા:-31/05/2024ના રોજ જિલ્લા કક્ષાએ સૂચવેલ નિયત સ્થળે મોકલી આપવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ તાલુકા કક્ષાએ નક્કી કરેલ વિતરણ સ્થળેથી તા:-01/06/2024ને શનિવારના રોજ સવારે 08:00 કલાકથી શાળાના જવાબદાર કર્મચારી પાસેથી મુખત્યારપત્ર મેળવી શાળાઓને પરિણામના પેકેટ સુપ્રત કરવાના રહેશે. જેનો શાળાના આચાર્યશ્રીએ પૂરતો અભ્યાસ કરી પરિણામના ગુણપત્રક/પ્રમાણપત્ર ઉમેદવારને વિતરણની કાર્યવાહી નીચેની સૂચનાઓને ધ્યાને રાખી કરવાની રહેશે.

## • સૂચનાઓ :

1) ઉમેદવારના ગુણપત્રકનું SR સાથે વેરીફીકેશન કર્યા બાદ જ તેનું વિતરણ કરવું.

2) નામ-સુધારો:

I. આચાર્યશ્રીએ વાલી/વિદ્યાર્થીને ગુણપત્રક/પ્રમાણપત્ર માં નામ (અંગ્રેજી સ્પેલીંગ) ચકાસી જવા ખાસ જણાવવું અને નામમાં સુધારો કરાવવો જરૂરી હોય તો નામ સુધારો કરવા માટે નિયત સમય-મર્યાદામાં બિડેલ પરિશિષ્ટ 4, 4-અ અને 4-બ માં અરજી કરવાની રહેશે.

II. સુધારાના દરખાસ્ત જો કરવાના હોય તો ધોરણ-10 (S.S.C.)ની અસલ માર્કશીટ અને પ્રમાણપત્ર સામેલ રાખવું. G.R. અને L.C.ની પ્રમાણીત નકલ સાથે સામેલ રાખવી.

III. પરિણામની તા:-11/05/2024 થી તા:-10/08/2024 સુધીના ત્રણ માસ દરમિયાન માર્ચ-2024ની પરિક્ષાના ઉમેદવારોના ગુણપત્રક અને પ્રમાણપત્રમાં સુધારા વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. સમય-મર્યાદામાં મળેલ નામ સુધારા માટેની અરજીના ઉમેદવારને જ બોર્ડ દ્વારા સુધારા સાથેનું મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર વિનામૂલ્યે આપવામાં આવે છે. નિયત સમય-મર્યાદા મુદત બહારના કેસોમાં નિયત ફી ચુકવવાની રહેશે.

3) તા:-01/06/2024ના રોજ તાલુકા / SVS / બીટ કક્ષાએ શાળાના જવાબદાર કર્મચારી મુખ્યાર પત્ર રજૂ કર્યેથી પરિણામના પેકેટ વિતરણ કરવાના રહેશે. વિતરણ બદલ શાળાના જવાબદાર કર્મચારીની સ્વીકારવા બદલની સહી અને સંપર્ક નંબર અવશ્ય મેળવવાનો રહેશે.

4) અસલ પ્રમાણપત્ર અને ગુણપત્રક મળ્યેથી જો સુધારો કરવાનો હોય તો નિયત નમૂનામાં દરખાસ્ત કરી જરૂરી આધારો જોડી અત્રે મોકલી આપવાના રહેશે.

5) આ સાથે આપના જિલ્લાની તાલુકા / બીટ વાઇઝ શાળાઓનું વિતરણ લીસ્ટ સામેલ છે. જેનો ઉપયોગ વિતરણ વખતે કરી શકાશે.

6) પરિણામ વિતરણ વખતે કોઇ શાળાનું પેકેટ કે કોઇ શાળાના વિદ્યાર્થીનું ગુણપત્રક / પ્રમાણપત્ર ન મળે તો તત્કાલ બોર્ડના માધ્યમિક શાખાના ઇ-મેઇલ આઇ.ડી. sscabc51@gmail.com પર શાળાના લેટરહેડ પર સહિ-સિક્કા સાથે રજૂઆત મોકલી આપવાની રહેશે. જેમાં વિદ્યાર્થીના સીટ નંબર અવશ્ય દર્શાવવાના રહેશે. જે બદલ અત્રેથી કાર્યવાહી કરી મોકલી આપવામાં આવશે.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક
(પરીક્ષા માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

બિડાણ:-

1. આપના જિલ્લાની તાલુકા / બીટ વાઇઝ શાળાઓની યાદી (પરિણામ થેલાની સાથે સામેલ છે.)
2. પરિશિષ્ટ-4, 4-અ, 4-બ

સવિનય નકલ રવાના જાણ સારું:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ તમામ,
જિ. વડોદરા



જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

CamScanner